# આનંદ કલ્યાણ

વિ.સં. ૨૦૭૦, જેઠ વદ ૩ • તા. ૧૫ જૂન, ૨૦૧૪ • અંક : ૪

૪



શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

અમદાવાદ

તારીખ ૧૪-૩-૨૦૧૯ શુક્રવારના દિવસે
શ્રી શત્રુંજય મહાતીર્થની ફાગણ ફેરી છ ગાઉ યાત્રા ના મનોહારી દૃશ્યો







# શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# આનંદ કલ્યાણ

વર્ષ : ૨ અંક : ૧ સળંગ અંક : ૪ મૂલ્ય : ₹ ૨૦ વાર્ષિક લવાજમ : ₹ ૭૫

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ દીક્ષા દિનથી રહ્યા ઉપવાસી,
દાનના અંગે લોક ન જાણે કોણ ધરે ભોજન રાશિ ?

પ્રભુ પધારે હાથ પસારે વિસ્મિત લોકો ટોળે વળે
હીરા મોતી, સુવર્ણ રત્નો, પ્રભુને ભેટ રૂપે ધરે

સસ્મિત પ્રભુ પાછા વળતા અને લોક નિરાશ બની બોલે
શું જોઈએ છે જગદીશ્વરને, ભેદ કોણ, ક્યારે ખોલે ?

હસ્તિનાપુરમાં પ્રભુના પ્રપૌત્ર શ્રેયાંસકુમાર પ્રભુને નિરખે
પૂરવ ભવનો સ્નેહ સંભારી વંદે પ્રભુને અતિ હર્ષે...

મિત્રે લાવેલા 108 ઈક્ષુરસના ઘડા કરમાં ગ્રહી
પ્રભુ ! સ્વીકારો શ્રેષ્ઠ દ્રવ્ય આ, કરો પારણું કૃપા કરી...

પ્રભુ પ્રેમથી કરે પારણું, વરસીતપના આ વધામણાં
વરસો વરસ હજારો નરનારી કરતા તપ અને પારણાં...

ફાગણ વદ આઠમથી આરંભી વૈશાખ સુદ-3 સુધી તપ ચાલે
અંતરાય કર્મોને નિર્જરી આતમ અણહારી પદે મ્હાલે...

- ભદ્રબાહુવિજય

વિ.સ. ૨૦૭૦
અક્ષય તૃતીયા

: પ્રકાશક :

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.



**'આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)**

વર્ષ : ૨ | અંક : ૧ | સળંગ અંક : ૪

પ્રકાશન

વિ.સં. ૨૦૭૦, જેઠ વદ-૩ ● તા. : ૧૫-૦૬-૨૦૧૪, રવિવાર

**પ્રકાશક :**

**કર્નલ ગૌતમભાઈ શાહ** (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

**Telefax : (079)2660 8244 • E–mail : shree_sangh@yahoo.com**

**મુદ્રક :**

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ)

૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ-૧.

મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭ ● **E–mail : navneet1177@gmail.com**

**આનંદ કલ્યાણ હવે હિન્દીમાં પણ !!!**

શું આપને ગુજરાતી કરતાં હિન્દી વાચવાનું વધારે ગમે છે ? આપ હિન્દી ભાષી છો ? અને 'આનંદ કલ્યાણ' ગુજરાતી વાંચવાનો કંટાળો આવે છે, મજા નથી આવતી !

જરીયે અકળાશો નહીં !

**હવેથી આનંદ કલ્યાણ હિન્દી ભાષામાં તૈયાર છે !** એજ રૂપ એજ રંગ એજ પ્રસ્તુતિ ! સુંદર સાફસુથરી ભાષા, સાદગીસભર પણ આંખોને ગમે, અંતરને રૂચે એવી પ્રસ્તુતિ અને પેઢીની પ્રવૃતિઓ વિષે જાણકારી ! ઈતિહાસની મહત્વપૂર્ણ વાતો ! તીર્થોની માહિતી, આ બધું જ રાષ્ટ્રભાષા હિન્દીમાં **આનંદ કલ્યાણ** રૂપે !

તમારા હિન્દીભાષી સ્વજનોના નામ સરનામા અમને આજેજ મોકલી આપો અમે એમને આનંદકલ્યાણ મોકલીશું, કિંમત માત્રને માત્ર વાંચન ! સદ્‌ભાવનાપૂર્વક, રસપૂર્વક વાંચન, સદ્‌ભાવભર્યા સૂચનો બસ આટલું જ ! આનંદકલ્યાણ ને આવકારો !

## શ્રુત આનંદ ટ્રસ્ટ એટલે આણંદજી કલ્યાણજી પેઢીનું જંગમ શ્રુતતીર્થ

જૈન ધર્મની પરંપરાના સાતે ક્ષેત્રોમાં આણંદજી કલ્યાણજી પેઢીએ સક્રિયપણે રસ દાખવ્યો છે અને તમામ રીતે સહભાગી બનવા માટેની પ્રવૃત્તિઓ કરે છે. સાત ક્ષેત્રોમાં એક મહત્ત્વનું ક્ષેત્ર છે "શ્રુત-જ્ઞાન" ! આમ તો પેઢી વિ.સં. 1952 એટલે ઈ.સ. 1896 ની સાલમાં જૈન કન્યાશાળાને મદદ કરવા પૂર્વક તથા ઈ.સ. 1896 થી વ્યવહારિક તથા ધાર્મિક શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થિ-વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ-સ્કોલરશીપ આપવાની પ્રથા પ્રારમ્ભીને અને ઈ.સ. 1911 થી પાલીતાણા ખાતે સાધ્વીજીને ભણાવવા માટે પંડિત-શાસ્ત્રી રાખવા રૂપે એક યા અન્ય રીતે શ્રુત તથા શ્રુતસેવાના ક્ષેત્રે કાર્યરત છે. જેના અનેક ઉદાહરણો પેઢીના ઇતિહાસમાં સંગ્રહાયેલા છે. શ્રી સંઘમાં થતી શ્રુત સંરક્ષણ, સંવર્ધનની પ્રવૃત્તિને તથા એ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓને સમયે સમયે આર્થિક સહયોગ ફાળવીને શ્રુતોપાસનાના અનેક ક્ષેત્રે પેઢીએ લાભ લીધો છે.

પેઢીના તત્કાલીન પ્રમુખ શ્રીસંઘના પીઢ અગ્રણી શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ અન્ય ટ્રસ્ટીઓ સાથે લાંબી વિચારણા કરી પૂજ્ય ગુરુ ભગવંતોની પ્રેરણા, સલાહ અને આશીર્વાદ સાથે વિ.સં. 2000 ની સાલમાં **શ્રુત આનંદ ટ્રસ્ટની** સ્થાપના કરી. એની પ્રવૃત્તિઓ માટે પેઢીએ પોતાના મુખ્ય કાર્યાલયની બાજુમાં આવેલું પોતાનું એક અલાયદું ભવન ફાળવ્યું. એમાં જરૂરી ફેરફારો કરીને અને પેઢીના વર્તમાન પ્રમુખ શેઠશ્રી સંવેગભાઈના સક્રિય માર્ગદર્શન હેઠળ આ ટ્રસ્ટની અન્તર્ગત નીચેની પ્રવૃત્તિઓનો પ્રારંભ કરવામાં આવ્યો.

**અધ્યયન - અધ્યાપન :**

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની સાથે સાથે શ્રીસંઘના શ્રાવક-શ્રાવિકા વર્ગની જ્ઞાનોપાસનામાં સહયોગી બની શકાય એ માટે વિશિષ્ટ પ્રતિભાસંપન્ન પંડિતોની વ્યવસ્થા કરી શ્રુત અધ્યયનના વર્ગો પ્રારંભ કર્યા. શરૂઆતમાં



દાર્શનિક અધ્યયન માટે પ્રકાંડ વિદ્વાન પંડિતશ્રી કલ્યાણ શાસ્ત્રીના અધ્યાપન હેઠળ અનેક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોએ અધ્યયન કર્યું. સંસ્કૃત, પ્રાકૃત, ભાષા વ્યાકરણ, પ્રકરણ ગ્રંથો, કર્મગ્રંથ, વગેરેના ઊંડા અભ્યાસીઓ માટે પંડિતશ્રી કેતનભાઈની સેવાઓ પ્રાપ્ત થઈ. આજે પણ અધ્યયનની આ પ્રવૃત્તિ ચાલી રહી છે.

**જ્ઞાન ભંડાર :**

અધ્યયનની પ્રવૃત્તિ સાથે જ્ઞાનભંડારની પ્રવૃત્તિનો પણ વિકાસ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં થોડા ગ્રંથોનો સંગ્રહ હતો પણ ધીમે ધીમે ગ્રંથભંડાર વિસ્તરવા લાગ્યો. આજે સંસ્થા પાસે 20000 થી વધુ પ્રકાશિત પુસ્તકો તથા પ્રતોનો સંગ્રહ છે. આ ભંડારમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પુસ્તકોનો સંગ્રહ છે. આ સંગ્રહનો ઉપયોગ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો તથા જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકા કરી રહ્યા છે. પૂજ્ય આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિજી તથા આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ સાહેબ દ્વારા પાંચ હજારથી વધુ પ્રકાશિત પુસ્તકોના-ગ્રંથોનો સંગ્રહ પણ શ્રુત આનંદ ટ્રસ્ટને સમર્પિત કરવામાં આવ્યો છે. આમ સંસ્થાનો ગ્રંથભંડાર દિવસે-દિવસે સમૃદ્ધ બનતો જાય છે. સમયે સમયે યોગ્ય અને ઉપયોગી નવા પુસ્તકોની ખરીદી કરીને વસાવવામાં પણ આવે છે.

**હસ્તલિખિત ગ્રંથો :**

સંસ્થા પાસે 4000 હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ છે. આ હસ્તલિખિત ગ્રંથોની સુંદર સુરક્ષા પૂર્વક જાળવણી કરવામાં આવી રહી છે. અહીં સંગ્રહિત ગ્રંથોનો ઉપયોગ સાધુ-સાધ્વીજી ભગવંતો તથા વિદ્વાનો કરી રહ્યા છે. આ ગ્રંથો સરળતાથી ઉપલબ્ધ થાય અને સુરક્ષિત રહે તે માટે તમામ ગ્રંથોનું સ્કેનીંગ કરાવવામાં આવ્યું છે જેથી વિદ્વાનોને જે તે હસ્તપ્રતની નકલ યથાશીઘ્ર ઉપલબ્ધ થઈ શકે... પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સાહેબ દ્વારા તૈયાર કરવામાં આવેલ

જૈસલમેર, પાટણના દુર્લભ હસ્તપ્રતોની ફોટોકોપીનો સંગ્રહ પણ સંસ્થામાં ઉપલબ્ધ છે. પુસ્તકાલયને વિકસાવવા માટેની સ્કેનીંગની યોજના કરવામાં આવી છે. આ દ્વારા ગ્રંથ ભંડારમાં અન્ય ભંડારોની હસ્તપ્રતની સ્કેન કોપી પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**પ્રકાશન :**

જૈનદર્શનના દુર્લભ અને અલભ્ય ગ્રંથો પ્રકાશિત કરવાનું કાર્ય પણ સંસ્થા દ્વારા ચાલી રહ્યું છે. શ્રી સિદ્ધર્ષિગણી વિરચિત અત્યંત વિસ્તૃત મહત્ત્વપૂર્ણ ગ્રંથ ઉપમિતિભવપ્રપંચા કથા છે. તેનું સંક્ષિપ્ત સંસ્કરણ પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિજીએ કર્યું હતું. તેનો ગુજરાતી અનુવાદ શ્રુતઆનંદ ટ્રસ્ટ દ્વારા ત્રણ ભાગોમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં અન્ય ગ્રંથો પ્રકાશિત કરવાની યોજના છે. આ સંસ્થા પેઢીનો જ હિસ્સો છે અને સંપૂર્ણપણે પેઢી સાથે સંકળાયેલી છે. પેઢીના પ્રયત્નોથી વિશિષ્ટ દાન આપનાર પરિવારની અનુમોદનાર્થે સંસ્થાના ભવનનું નામ **સુશ્રાવિકા સુલોચના નરોત્તમભાઈ લાલભાઈ જ્ઞાનમંદિર** રાખવામાં આવ્યું છે. પેઢી દ્વારા પ્રસ્તાવિત અને પ્રસ્થાપિત આ સંસ્થાને પંડિતશ્રી જિતેન્દ્રભાઈ બી. શાહનું માર્ગદર્શન મળતું રહે છે.

ક્યારેક અમદાવાદના જૈનનગર વિસ્તારમાં આવી ચઢો, નવા શારદામંદિર રોડ અને વસંતકુંજમાં લટાર મારવા નીકળ્યા હો તો થોડોક સમય કાઢીને આવી જજો શ્રુતઆનંદ ભવનમાં ! ગ્રંથો જુઓ, પૂજ્ય સાધ્વીજી ભગવંતોને અધ્યયન કરતા જુઓ, સાધુ-સાધ્વીજીની પાત્ર-ઉપકરણ દ્વારા કરાતી ભક્તિ જુઓ ! તમને ગમશે અને તમે આવશો તો અમને પણ ગમશે !

**આખરે... આપણે વેપારી રે મહાવીરના નામના !**
**આપણે પ્રવાસી રે મહાવીરના ધામના !**
**વેપારીઓ મળે અને પ્રવાસીઓ ટોળે વળે**
**તો પછી વાતો તો પ્રભુના શાસનની જ વાગોળે ને ?**



# તમને ખબર છે ?

વરસો પહેલા પાલીતાણાની તળેટીએ જઈને શત્રુંજયના ડુંગર ચઢીને દાદા આદિશ્વરને ભેટવા માટે ગરવા ગુજરાતની ગૌરવવંતી બંધુ બેલડી વસ્તુપાળ અને તેજપાળ એ 12 વખત ચતુર્વિધ સંઘ સાથે યાત્રા કરી હતી. એક ગુજરાતના મહામંત્રી તો બીજા ગુજરાત શેરદિલ સેનાપતિ ! તેજપાળે વિક્રમસંવત–1288 ઈસ્વીસન્ 1232 માં અણઘડ ન ઘડાયેલાં પત્થરો ગોઠવાવીને ડુંગર ઉપર ચઢવાનો રસ્તો બનાવ્યો હતો જે ત્યારે સંચારપાંજા માર્ગ તરીકે ઓળખાતો હતો. અને વર્ષો સુધી એ માર્ગ અસ્તિત્વમાં રહ્યો.

હાલનો આખો રસ્તો ક્યારે બંધાયો એની કોઈ સાલવારી કે તારીખીયું ઉપલબ્ધ નથી. પણ ઈસ્વીસન્ 1952 થી 1956 દરમ્યાન આણંદજી કલ્યાણજી પેઢીએ નવનિર્મિત પત્થરોનો ઉપયોગ કરીને તળેટીથી રામપોળ સુધી 3501 જેટલા પગથિયા બનાવવા પૂર્વક આખા રસ્તાનું પુનનિર્માણ કર્યું. આજ પ્રમાણે ઘેટીપાગના રસ્તાનું નિર્માણ પણ ઈસ્વીસન્ 1965 માં કરવામાં આવ્યું.

**પગથિયાની આંકડાકીય માહિતી મજાની છે !!!**

| | |
|---|---|
| જયતળેટીથી રામપોળ સુધીના પગથીયા | 3303 |
| રામપોળથી દાદાના દેરાસર સુધી | 198 |
| **કુલ પગથિયા** | **3501** |

**વધુ રસપ્રદ આંકડા નોંધી લ્યો !!!**

તળેટીથી ધોળી પરબ સુધી **662** પગથિયા

તળેટીથી લીલી પરબ સુધી **1158** પગથિયા

તળેટીથી કુમારકુંડ સુધી **1505** પગથિયા

તળેટીથી હિંગળાજ માતા દેરી સુધી **1913** પગથિયા

જ્યારે તમે હિંગળાજના હડે પહોંચો છો ત્યારે **55** ટકા પગથિયા ચઢી ચૂક્યા હો છો.

તળેટીથી છાલાકુંડ સુધી **2426** પગથિયા,
તળેટીથી શ્રીપૂજ ટૂક સુધી **2625** પગથિયા,
તળેટીથી હનુમાન ધારા સુધી **3128** પગથિયા,
તળેટીથી રામપોળ સુધી **3303** પગથિયા,
રામપોળથી મોતીશા ટૂક સુધી **40** પગથિયા,
મોતીશા ટૂકથી સગાળપોળ સુધી **26** પગથિયા,
સગાળપોળથી ગિરિરાજ ઇન્સપેક્ટર ઑફિસ સુધી **14** પગથિયા,
ઓફિસથી રતનપોળ સુધી **84** પગથિયા,
રતનપોળથી દાદાની ટૂક **27** પગથિયા,
દાદાની ટૂકના **4** પગથિયા.

## પેઢીની પ્રવૃત્તિઓ

પેઢીએ હાલમાં જ અમદાવાદનાં જિનાલયો માટે સુરક્ષા હેતુથી ગોદરેજ કંપની પાસેથી તાળાઓની વ્યવસ્થાઓ તૈયાર કરાવીને અમદાવાદના 150 થી વધારે દેરાસરો માટે એ વ્યવસ્થાનો લાભ લીધો. હવે ભારતભરના તમામ સંઘો માટે આ વ્યવસ્થા તબક્કાવાર ઉપલબ્ધ કરાવવા માટેનું આયોજન કરાયું છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને આહાર-પાણી માટે લાકડાના પાતરાઓ તથા એને રંગવા માટે જરૂરી સાધનોની વ્યવસ્થા પણ પેઢીએ રાખી છે. અને તમામ પૂજ્યોને પાતરા વગેરે અર્પણ કરીને પેઢીયે વૈયાવચ્ચનો લાભ લે છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી જ્યારે કાળધર્મ પામે ત્યારે એમના પુણ્યદેહને અગ્નિસંસ્કાર આપતી વખતે ચંદનના લાકડા અર્પણ કરવામાં પણ પેઢી સક્રિય લાભ લે છે. આ માટે પાલીતાણા તથા અમદાવાદના ''પાલખી મંડળ'' સાથે સહયોગ કરીને તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



# પ્રાચીન તીર્થ કુંભારિયાજી

રાજસ્થાનના વિખ્યાત આબુરોડ સ્ટેશનથી 14 માઈલ દૂર તથા ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થધામ અંબાજીથી 2 કિલોમીટર દૂર કુંભારિયા નામે ગામ છે. પ્રાચીન શિલાલેખમાં આલેખાયેલું ''આરાસણ'' એ જ આ કુંભારીયા. શિલાલેખો ઉપરથી જણાય છે કે, સત્તરમાં સૈકા સુધી આ ગામ ''આરાસણ''ના નામે પ્રસિદ્ધ હતું. તેને બદલે ''કુંભારિયા'' નામ કેમ પડ્યું હશે એ જાણી શકાતું નથી. ડૉ. ભાંડારકર કહે છે, ''કુંભારિયાની આસપાસ અવશેષો પડેલા છે તે ઉપરથી એક જમાનામાં અહીં ઘણા જિનમંદિરો હોવા જોઈએ એવું અનુમાન નીકળે છે.'' ફાર્બસ સાહેબ ઉમેરે છે કે, ''ધરતીકંપના લીધે આરાસણનાં ઘણા ખરા મંદિરો જમીનદોસ્ત થઈ ગયાં હશે.'' પણ એ માટે કશું પ્રમાણ જડતું નથી. અલબત્ત એક કાળે આ ગામ મોટું નગર અને વેપાર મથક હોઈ શકે, અહીંની વસ્તી ક્યારે, શા કારણે જતી રહી તે જાણવાને કશું સાધન નથી. આજે તો થોડી ઘણી વસતી અને અન્ય દેવાલયો તથા ધર્મસ્થાનોથી ધબકતા બનેલા આ પ્રદેશમાં 5 જિન મંદિરો એક જ સંકુલમાં છે. આરાસણગ્રામની સ્થાના મોટે ભાગે તો 15 મા શતકના દ્વિતીય ચરણના આરંભના અરસામાં થઈ હશે. અહીં પ્રાપ્ત થતા જૂનામાં જૂના સંવત 1087 (ઇ.સ. 1031) ના પબાસણ પરના લેખમાં આરાસણનગર પાટણપતિ, ચૌલુક્યવંશી મહારાજ ભીમદેવ પ્રથમને અધીન હોવાનું જણાવવામાં આવ્યું છે. ખરતરગચ્છ પટ્ટાવલીમાં વિમલમંત્રીએ આરાસણમાં અંબિકાનો પ્રાસાદ નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ આવે છે. પ્રસ્તુત તે પ્રાસાદ સાંપ્રત અંબાજીમાં રહેલ અંબિકાનું મંદિર, કે અન્ય કોઈ, તે કહેવું કઠિન છે. મંત્રીશ્વર વિમલનું કુળ ધનુહાવીની એટલે કે 'ચંડિકા'ની કુલાંબાના રૂપમાં ઉપાસના કરતું હતું. તે વાત જૈન ગ્રંથ પ્રશસ્તિઓ-પ્રબંધો દ્વારા સુવિદિત છે. બીજી બાજુ મંત્રીશ્વરના સમયની જૈન યક્ષી અંબિકાની બે આરસી પ્રતિમાઓ આબૂ પર વિમલવસહીમાં ઉપલબ્ધ હોઈ, જૈનમતાનુકૂલ અંબિકાની પણ મંત્રીશ્વર ઉપાસના કરતા હશે. (સ્વ) મુનિશ્રી પુણ્યવિજયજીને પ્રાપ્ત થયેલી જેસલમેરના ભંડારની એક પુરાણી તાડપત્રીય પ્રતિમા ચંદ્રાવતીના દંડનાયક વિમલે આબૂ પર જિનમંદિર બંધાવ્યા પૂર્વે આરાસણમાં આદીશ્વરદેવનો પ્રાસાદ બંધાવ્યાની હકીકત નોંધાયેલી હોવું સાંભળવામાં આવે છે. બીજી બાજુ 15મા શતકમાં રચાયેલી ખીમા કૃત ચૈત્યપરિપાટીમાં, શીલવિજયજી તીર્થમાળા સંવત 1722 (ઇ.સ. 1666 પશ્ચાત)માં તેમજ સૌભાગ્યવિજયજીની

તીર્થમાળા સંવત 1750 (ઇ.સ. 1694)માં આરાસણમાં વિમલમંત્રી કારિત આદિનાથના મંદિરનો વિમલવસહી કિંવા વિમલવિહારનો-નિર્દેશ છે. મંત્રીશ્વરનું મંદિર બંધાવ્યા પછી અહીં 11 મી સદીના ઉત્તરાર્ધથી લઇ 13 મા શતકના પૂર્વાર્ધ સુધીમાં આરસનાં અન્ય ચાર મંદિરો બંધાયાં છે.

આરાસણમાં પ્રવેશતાં ઉત્તર-દક્ષિણ રસ્તાને અંતે સૌથી પહેલાં ભગવાન નેમિનાથનું મહામંદિર નજરે પડે છે : નેમિનાથના ભવનથી ઠીક ઠીક ઇશાનમાં અત્યારે શાંતિનાથનું મંદિર આવે છે. પ્રસ્તુત મંદિરથી અગ્નિકોણમાં મહાવીર સ્વામીનું મંદિર છે, અને તેની બાજુમાં અગ્નિકોણમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે : જ્યારે સંભવનાથનું મંદિર નેમિનાથના જિનાલય અને સારાયે સમૂહથી જરા દૂર, કંઈક વાયવ્ય કોણમાં આવેલું છે.

આ પાંચે મંદિરો ઉત્તરાભિમુખ છે, આલીશાન અને ઐતિહાસિક છે. એની સ્થાપત્ય કળા આજે પણ દર્શનાર્થીઓને આબુ પરના દેલવાડાનાં મંદિરો જેટલી જ મુગ્ધ બનાવે છે.

## શ્રી નેમિનાથ ભગવાનનું જિનાલય

કુંભારિયાના પાંચે મંદિરોમાં આ મંદિર સૌથી મોટું, ઉન્નત અને વિશાળ છે. આ મંદિર મૂળગભારો, વિશાળ ગૂઢમંડપ, દશચોકી, સભામંડપ, ગોખલા, શૃંગારચોકી બંને બાજુના મોટા ગભારા ચોવીશ દેવકુલિકાઓ વિશાળ રંગમંડપ, શિખર અને કોટથી યુક્ત છે. મંદિરનું દ્વાર ઉત્તર દિશામાં છે.

મંદિરમાં બહારના દ્વારથી પ્રવેશ કરતાં રંગમંડપ સુધી જવાને પગથિયાં છે. પગથિયાં ઉપર નોબતખાનાનો ઝરુખો છે. મંદિરનું શિખર ઉન્નત અને વિશાળ છે. આનું શિખર તારંગાના પહાડ ઉપર આવેલા શ્રી અજિતનાથ ભગવાનના દેરાસરના શિખરને મળતું આવે છે. સમગ્ર શિખર આરસપહાણનું બનેલું છે.

### મંદિરની મૂર્તિઓ અને લેખો

દેરાસરની બાંધણી એવી માપસર અને સુંદર છે કે, મંદિરના પ્રવેશદ્વાર ઉપર ઊભા રહીને પણ મૂળનાયક ભગવંતના દર્શન થઈ શકે.

મૂળગભારામાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની ભવ્ય અને રમણીય મૂર્તિ બિરાજમાન છે. તેમની આસપાસ પાષણનું એક તીર્થીનું મોટું પરિકર હતું અને મોટા બે ઇન્દ્રો પણ હતાં તે જિર્ણોદ્ધાર વખતે ખંડિત થતાં મંદિરની પાછલી



ભમતીમાં મૂકાયેલા. આ મૂળનાયકની મૂર્તિના પબાસન ઉપર સંવત–1675 માં આચાર્ય વિજયદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

ગૂઢમંડપમાં મોટા પરિકરયુક્ત ચાર કાઉસગ્ગીયા પ્રતિમાઓ છે. તેમા મુખ્ય દરવાજા પાસેના કાઉસગ્ગીયા ઉપર સંવત–1214 ના લેખો છે. તેમાં "આરાસણાનગર - નેમિનાથ ચૈત્યમાં આ કાઉસગ્ગીયા સ્થાપન કર્યા એમ લખેલું છે. બીજા બે કાઉસગ્ગીયા ઉપર સંવત 2014 ના લેખો છે.

સંવત 1301 ના લેખવાળો એક 170 જિનનો સુંદર પટ છે. પરિકરમાંથી છૂટા પડેલા 4 કાઉસગ્ગીયા અને 1 યક્ષની પ્રતિમા છે. કાઉસગ્ગીયા પાસે ભીંત અગર સ્તંભમાં બે મૂર્તિઓ છે અને 1 ધાતુની પંચતીર્થી છે.

અહીં છ ચોકીને બદલે બે હારમાં થઈને દશ ચોકી છે. તેમાં ડાબા હાથ તરફની ચોકીના ગોખલામાં નંદીશ્વરદ્વીપની સુંદર રચના કરેલી છે. તેના ઉપર સંવત 1323 નો લેખ છે. તેની બાજુના એક સુંદર ગોખલામાં એક કાઉસગ્ગીયા પ્રતિમા છે. જેની ઉપર એક જિન પ્રતિમા બિરાજમાન છે.

જમણા હાથ તરફની છચોકીની એક દેરીમાં અંબાજી માતાની મોટી મૂર્તિ છે. છચોકીના ડાબા હાથ તરફના કોરણીભર્યા એક સ્તંભ ઉપર સંવત 1310ના વૈશાખ સુદી 5નો લેખ છે. એ સ્તંભ 'પોરવાડ શ્રેષ્ઠી આસપાલે આરસણનગરના અરિષ્ટનેમિ જિનાલયમાં ચંદ્રગચ્છીય શ્રીરત્નપ્રભસૂરિના ઉપદેશથી એક સ્તંભ યથાશક્તિ બનાવ્યો' એવી હકીકત લખી છે. છચોકીનાં સામેના બે ગોખલા ખાલી છે. તે પૈકી એકમાં ખાલી પરિકર છે. બાજુમાંના ત્રણ ગોખલા મૂર્તિ વિનાના છે. સભામંડપના ડાબા હાથ તરફના ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવંતની આરસપહાણની એકતીર્થી પરિકરયુક્ત મનોહર પ્રાચીન પ્રતિમા છે. આ મૂર્તિની શ્રી વિજયદેવસૂરિએ સંવત 1675 માં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. એ ગભારામાં બાજુના બે ગોખલામાં મૂર્તિઓ નથી પણ સંવત 1335 લેખોવાળાં પરિકરો મૌજુદ છે.

જમણા હાથ તરફનાં ગોખલામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રાચીન એક તીર્થના પરિકરયુક્ત ભવ્ય અને દર્શનીય પ્રતિમા છે. આ પ્રતિમા એવડી મોટી છે કે નીચે ઉભા રહીને ભગવંતના લલાટની પૂજા કરી શકાતી નથી. તેથી તેની બાજુમાં લાકડાની ઘોડી મૂકેલી છે.

મૂળગભારાની પાછળના ભાગની મંદિરની ભીંતમાં સુંદર કોરણી કરેલી છે. મંદિરની પાછલી ભમતીમાં પરિકર, સેંકડો ટુકડા, પબાસણ અને ગાદીના

ટુકડા, કાઉસગ્ગીયા, પરિકરમાંથી છુટા પડી ગયેલા ખંડિત-અખંડિત ઇંદ્રો, અનેક સ્તંભોયુક્ત નકશીદાર સુંદર તોરણો વગેરે પડેલાં છે. વળી, આમાં જિનમાતૃપટો, ચોવીશીના પટો છે, જેમાં લગભગ સો જેટલા લેખો પણ છે. એખ લેખ સંવત 1204 નો છે એટલે એ પહેલાં આ મંદિર બન્યું હશે, કેમકે તેમાં "આરાસણ-અરિષ્ટનેમિચૈત્ય" એવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો વાંચી શકાય છે.

મંદિરના પાછલા ભાગના ગોખલામાં "સમળીવિહાર"ના પટનો નીચેનો અર્ધ ભાગ ચોંટાડેલો છે.

આ પંટમાં લંકાના રાજા બેઠેલા છે. તેમના ખોળામાં રાજકુમારી છે. ભેટણું ધરીને ઉભેલા જૈન ગૃહસ્થો, પાદુકા અને અશ્વ વગેરેની આકૃતિ આરસમાં કોતરેલી છે.

બાકીનો ઉપરનો અડધો પટ અહીં દેરીઓ પાસે જ્યાં દેરીઓના પબાસન વગેરે કાઢી નાંખેલા છે ત્યાં દિવાલ પાસે મૂકેલા છે, તેમાં સમુદ્ર, નર્મદા નદી, ઝાડી, સમળી, પારધી, જૈનાચાર્ય અને વહાણની સુંદર આકૃતિ આલેખી છે.

આ બંને ભાગને સાંધીને એકજ સ્થળે ચોંટાડવાથી લેખ શિલ્પકૃતિ જળવાઈ રહે. આબુ ઉપરનાં મંદિરમાંના પટ જેવો જ આ પટ છે, તેની ઉપર સંવત 1338 નો લેખ છે.

આ દેવાલયની જગતીમાં-ભિટ્ટમાં ચારે બાજુએ ફરતી ગજસર છે. તેમજ નર-નારી જોડલાની નરસર છે. તુદપરાંત દેવ, યક્ષ, યક્ષિણીનાં મોટાં પૂતળાં ફરતે બેસાડેલાં છે, કેટલેક સ્થળે જોડલાંની આકૃતિઓ પણ કોરેલી નજરે પડે છે.

મંદિરમાં ઘૂમટના અમલસારની નીચે ચારે બાજુએ મોઢાં મૂકેલાં છે. મંદિરમાંની દેવકુલિકાઓના અગ્રભાગના છેડા ઉપર આવેલાં સ્તંભો, તેમજ દેવગૃહની પરસાળમાંના સ્તંભો આબુ ઉપર આવેલા દેલવાડાના વિમલસહી મંદિરના જેવા જ છે.

રંગમંડપની બીજી બાજુ ઉપરના દરવાજામાં તેમજ છેડેના બે સ્તંભોની વચ્ચેની કમાનો ઉપર મકરનાં મુખો મૂકવામાં આવ્યાં છે. એ તોરણ ઉપરના પથ્થરની નીચેની બાજુને સ્પર્શે છે. આ તોરણ આબુ ઉપરના વિમલસહી મંદિરમાંના તોરણ જેવું જ છે.

મંડપના સ્તંભોની તેમજ પરસાલના સ્તંભોની ખાલી કમાનો, જે ગૂઢમંડપના હારની બરાબર સામે રહેલી છે અને ઉપરના પાટડાની નીચે આવેલા



આગળા ઉપરથી જણાય છે કે, પહેલાં આવાં બીજા કેટલાંક તોરણો અહીં હતાં પણ આજે તે નષ્ટ થયાં લાગે છે.

મંદિરમા બધા મળીને 94 સ્તંભો છે. જેમાં 22 સ્તંભો સુંદર કોરણીવાળા છે. અને બીજા સ્તંભો સાદા છે. કોરણીવાળા સ્તંભોમાં દેવ-દેવીઓ અને વિદ્યાધરીઓની આકૃતિઓ આલેખી છે.

રંગમંડપમાં પૂજા-મહોત્સવ વખતે સ્રીઓને બેસવાના ઝરુખાઓ પણ છે.

અહીં ઝીણી નજરે તપાસતાં જૂના કામને બદલે નવું કામ એવી જ સફાઈથી કર્યું હોવાનું જોવાય છે. સભામંડપના ઘૂમટમાં ત્રણસો વર્ષ પહેલાં રંગનું કામ કરેલું છે તે જાણે તાજું જ હોય એમ દેખાય છે. રંગમંડપમાં પણ કોરણી ઉપર રંગ કરેલો છે. આ રંગમંડપ અને ચોકીની કોરણી આબુ ઉપરના દેલવાડાનાં મંદિરમાની કોરણી જેવી અત્યંત સુંદર છે.

મંડપના મધ્યભાગ ઉપર આધુનિક છાપરૂ છે. જેનો આકાર ઘૂમટ જેવો છે. તેના ઉપર રંગ કરેલો હોવાથી તે શોભાયમાન લાગે છે. આજુબાજુએ એક વાંસનું પાંજરૂં મૂકેલું છે. જેથી તેમા પંખીઓ કે ચામાચીડીયાં પ્રવેશી શકતાં નથી.

મંદિરની દેવકુલિકાની ભીંતો પ્રાચીન છે. પણ શિખર તેમજ ગૂઢમંડપની બહારનો ભાગ પાછળથી બનાવેલો હોય એમ લાગે છે. તેને ઇંટથી ચણી લઈ પ્લાસ્ટર કરીને આરસ જેવો સાફ કરેલો છે. મંડપના બીજા ભાગની છત તથા ઓસરીની છત સાદી કે અર્વાચીન છે. મૂળગભારાની જમણી બાજુએ ઉપરના ભાગે પાટડાને ટેકો આપતી જે ત્રણ કમાનો ચણેલી છે તે સાથેના સ્તંભ સુધી લંબાવેલી છે.

### મંદિર નિર્માતા

શ્રી ધર્મસાગર ગણિએ રચેલી 'તપાગચ્છ-પટ્ટાવલી'માં જણાવ્યું છે કે, વાદિદેવસૂરિએ (સમય વિક્રમસંવત - 1174 થી 1226) આરાસણમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી.

'ઉપદેશ સપ્તતિ' ગ્રંથ પ્રમાણે પાસિલ નામના શ્રેષ્ઠિએ આ શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું અને શ્રી વાદીદેવસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી હતી.

## શ્રી મહાવીરસ્વીમી ભગવાનનું મંદિર

શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરની પૂર્વ બાજુની ટેકરીથી નીચા

ભાગમાં ઉત્તરદિશાના દ્વારવાળું શ્રી મહાવીરસ્વામી ભગવાનનું મંદિર છે. આ મંદિરને બીજાં પૂર્વ અને પશ્ચિમ તરફનાં દ્વાર પણ છે પરંતુ તે બંધ રાખવામાં આવે છે. પૂર્વ બાજુનું દ્વાર પેઢીના આગળ ચોકમાં પડે છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, શૃંગારચોકીઓ, તેની સામે આઠ ગોખલા અને બંને તરફની આઠ-આઠ દેવકુલિકાઓ મળીને કુલ 24 દેરીઓ અને શિખરથી સુશોભિત છે. આખુંયે મંદિર આરસપાષાણનું બનેલું છે. મૂળગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની એકતીર્થના પરિકરયુક્ત મનોહર અને ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકની મૂર્તિ ઉપર સંવત 1675 નો શ્રી વિજયદેવસૂરિએ આ આરાસણના નગરમાં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. મૂળનાયકના પરિકરની ગાદી નીચે સંવત 1120 નો જૂની લિપિમાં લેખ છે. તેમાં પણ આરાસણના નામનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરથી જણાય છે કે, આ મંદિર લગભગ એ સમયમાં કે તે પહેલાં બનેલું હોવું જોઈએ.

મૂળનાયકની બંને બાજુએ એકેક યક્ષની તેમજ એક અંબાજી માતાની પ્રતિમા છે.

ગૂઢમંડપમાં પરિકરયુક્ત બે ભવ્ય કાઉસ્સગ્ગીયા પ્રતિમાઓ છે. તે બંને ઉપરના લેખો કંઈક ઘસાઈ ગયા છે પણ તે સંવત 1118 ના લેખો હોવાનું સ્પષ્ટ જણાય છે. અહીંથી મળી આવેલા પ્રતિમાલેખોમાં આ લેખ સૌથી પ્રાચીન છે. આ લેખ કરતાંયે પ્રાચીન એવા સંવત 1087 નાં લેખની નોંધ મુનિશ્રી જયંતવિજયજીએ પોતાના પુસ્તક કુંભારિયાનાં પરિશિષ્ટમાં નોંધી છે. એ લેખથી જણાય છે કે આ મંદિર સંવત–1087 પહેલાં બની ચૂક્યું હતું.

મૂળગભારાની બારશાખમાં બંને બાજુએ એકેક નાની કાઉસગ્ગીયા પ્રતિમાઓ કોતરેલી છે. ત્યાં પરિકરથી છૂટી પડેલી બીજી 3 કાઉસગ્ગીયા પ્રતિમાઓ પણ છે.

બધી દેવકુલિકા અને ગોખલાઓ મળીને કુલ 24 છે. તે પૈકી એકમાં પરિકર નથી, ત્રણ દેરીમાં જે પરિકરો છે તે અધૂરાં છે. એકમાં ત્રણ તીર્થીનું પરિકર છે. બાકીની બધીયે દેરીઓમાં પંચતીર્થીનાં આખા પરિકરો લાગેલાં છે. દેરીઓના પબાસણની ગાદી ઉપર પ્રાયઃ બધા ઉપર સંવત–1140 થી સંવત–1145 સુધીના લેખો હોવાનું જણાય છે. ઉપર્યુક્ત પરિકરોમાં જિનપ્રતિમાઓ નહોતી પણ મહુડિયા પાદર નામના ગામના ખંડિયેર દેરાસરમાંથી આવેલી પ્રતિમાઓ અહીંની દેરીઓમાં પધરાવેલી છે.



કુંભારિયાથી આશરે 20 ગાઉ ઉપર દક્ષિણ દિશામાં દાંતા રાજ્યની હદમાં મહુડિયાપાદર નામે ગામ છે. તેની પાસેના જંગલમાં લગભગ અડધા માઈલ જેટલી જગામાં દેરાસરનાં ખંડિયેરોમાં મોટો પથ્થર ઉખેડાતો હતો ત્યારે પથ્થર ઉપાડતાં ભોયરૂં જણાયું. દાંતાના રાજવીને આ હકીકતની જાણ થતાં તેમણે તે સ્થળે ચોકી બેસાડી પાકો બંદોબસ્ત કર્યો સંવત 2000 (ઇ.સ. 1944)માં દાંતા રાજ્ય તરફથી જંગલ સાફ કરાવીને ભોયરું ખોલવામાં આવ્યું તો તેમાંથી જિનપ્રતિમાઓ નીકળી આવી. ને બધી પ્રતિમાઓ દાંતા લાવવામાં આવી. તે બધી પ્રતિમાઓ શ્વેતાંબર જૈન આમાન્યની હોવાનો નિર્ણય થતાં રાજ્યે દાંતાનાં શ્રી જૈન સંઘને તે પ્રતિમાઓ સુપરત કરી. તે પ્રતિમા કુંભારિયાના જિનાલયમાં સ્થાપન કરવાની સૂચના થતાં દાંતાના શ્રી સંઘે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ખબર આપી અને કુંભારિયાજીમાં પણ સમાચાર મોકલ્યાં. સંવત 2000 (ઇ.સ. 1944)ના માહ મહિનાની વદિ 13 ના દિવસે એ બધી પ્રતિમાઓને ગાડામાં પધરાવી કુંભારિયાજીમાં લાવ્યા. ચક્ષુટીકાથી વિભૂષત કરીને સંવત 2001 ના જેઠ સુદિ 10ના રોજ અઢાર અભિષેક કરીને તે બધી પ્રતિમાઓ શ્રી મહાવીરસ્વામી ભગવાનના દેરાસરની દેરીઓમાં સ્થાપિત કરી.

મંદિરના દક્ષિણ દિશાના દ્વારથી પ્રવેશ કરતાં ડાબા હાથ તરફ એક સમવસરણની દેરી છે. તેમાં પ્રતિમાજી નથી. પણ સમવસરણની નકશીભરી રચના પીળા આરસ ઉપર કરેલી છે અને એ છત્રીવાળા સમવસરણમાં ત્રણ ગઢ અને પર્ષદાની સ્પષ્ટ આકૃતિઓ કોરેલી છે.

રંગમંડપના વચલા ભાગમાં ઉંચે કોરણીભર્યો એક ઘૂમટ છે, જે ભાંગેલો છે તે રંગેલો અને ધોળેલો છે. આ ઘૂમટનો આધાર અષ્ટકોણાકૃતિમાં આવેલા પરસાલના છે.

અને તે આબુના વિમલશાહના દેવાલયના સ્તંભો જેવા છે. બાકીના સાદા છે. પહેલાં આ સ્તંભની દરેક જોડને મકરના મુખથી નીકળેલા તોરણોથી શણગારવામાં આવી હતી પણ હાલ એક સિવાય બધાં તોરણો નષ્ટ થયા છે. રંગમંડપના બીજા ભાગોની છતના જુદા-જુદા વિભાગો પાડ્યાં છે. જેના ઉપર આબુના વિમલશાહના દેરામાં છે તેવાં જૈનચરિત્રોનાં જુદાં જુદાં દ્રશ્યો આલેખવામાં આવ્યાં છે.

છચોકી તથા સભામંડપ અને ભમતીની દેરીઓની વચ્ચેના બંને તરફના થઈને છતના 14 ખંડોમાં ખૂબ કોરણી છે. તેમાંના પાંચ ખંડોમાં સુંદર ભાવો

કોતરેલા જણાય છે.

(1) રંગમંડપ અને ભમતીની દેરી વચ્ચેની છતના જમણા હાથ તરફના સાતમાં ખંડમાં-અતીત અને ભાવિ ચોવીશીનાં માતા-પિતા એકેક છત્રપર કોરેલા છે.

(2) બીજા ખંડમાં-વર્તમાન ચોવીશી તથા તેમનાં માતા-પિતા છે. તે જ ખંડમાં ચૌદ સ્વપ્ન છે. ઈંદ્ર મહારાજે ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ જઈને ખોળામાં બેસાડ્યા છે અને બંને બાજુ ઈંદ્ર મહારાજ કળશો દ્વારા અભિષેક કરે છે. કમઠ તપાસ પંચાગ્નિનો તપ કરે છે તે વખતે પાર્શ્વકુમાર સેવક મારફત લાકડામાંથી સર્પ કાઢી બતાવે છે. તે પછી ધરણેન્દ્ર ભગવાનનો નમસ્કાર કરવા આવ્યો છે. પાર્શ્વનાથ પ્રભુનું સમવસરણ તથા અનુત્તર વિમાનના ભવ વગેરે ભાવો કોતરાયેલા છે.

(3) ત્રીજી છતમાં-શ્રી શાંતિનાથ ભગવાનનું સમવસરણ છે તેમનાં માતાપિતા વગેરે છે - બીજી બાજુએ શ્રી નેમિનાથ ભગવાનનાં પંચકલ્યાણકનો ભાવ કોતરેલો છે.

(4) છઠ્ઠા ખંડમાં - મહાવીરસ્વામી ભગવાનના પાછલા સત્તાવીસ ભવો તેમજ પંચકલ્યાણક અને તેમના જીવન સંબંધી વિશિષ્ટ ઘટનાઓ છે અને ચંદનબાળાના પ્રસંગો જેવા કે તપસ્યા, કાનમાં ખીલા ઠોકવા, ચંડકોશિક નાગ વગેરે ઘટનાઓ છે. સાતમાં ખંડમાં પણ ઋષભદેવ ભગવંતના પંચકલ્યાણકનો ભાવ તથા ચાર, પાંચ હાથી, ઘોડા વગેરેના વિશિષ્ટ ભાવ છે. બધા ભાવો ઉપર નામો લખેલાં છે.

(5) ડાબી બાજુના સાતમાં ખંડમાં-આચાર્ય મહારાજ સિંહાસન ઉપર બેઠેલા છે, શિષ્ય નમસ્કાર કરે છે અને ગુરુ તેમના ઉપર હાથ મૂકે છે. વળી, વચમા બીજા આચાર્ય મહારાજ, જેઓ હાથ જોડીને નમસ્કાર કરે છે તેમની સામે ઠવણી-સ્થાપનાચાર્યજી પણ છે.

તેવી જ રીતે પહેલી છતમાં પણ એવા જ ભાવો છે.

એક છતમાં-આચાર્ય મહારાજ વ્યાખ્યાન આપી રહ્યા છે અને તેમની આગળ ચતુર્વિધ સંઘ આવીને ઉપદેશ સાંભળી રહ્યા છે. બીજા ભાગમાં આચાર્ય મહારાજ સાધુઓને દેશના આપી રહ્યા હોય એવો દેખાવ છે. ત્રીજામાં દેવીઓની આકૃતિઓ કોતરેલી છે. તેની પાસેના ભાગમાં દેવોના નૃત્યનો દેખાવ આપેલો છે. સાતમાં ભાગમાં ભગવાન મહાવીરસ્વામી દેશના આપી રહ્યા છે. ત્યાં



ગણધર ભગવંતો બેઠેલા છે અને શ્રોતાઓ જુદા જુદા વાહનો ઉપર સવારી કરીને દેશના સાંભળવા આવી રહ્યા હોય એવો ભાવ આલેખ્યો છે.

આ બધા ભાવો નીચે આરસમાં ભાવોની સમજૂતીના અક્ષરો પણ કોતર્યા છે, અને તેમાં રંગ પૂર્યા છે.

આવા ભાવોનું આલેખન બીજે ક્યાંય જોવા મળતું નથી.

સભામંડપમાંથી બહાર નીકળતાં જે ચોકી આવે છે તેમાં બે ગોખલા છે અને ઉપર નાના છ ઘૂમટો છે. તેમાં સભામંડપના બારણા પરનો ઘૂમટ અદ્દભૂત કારીગરીવાળો છે. તેમાં આરસના જે પડદા કોતરેલા છે તેની નકલ કાગળ ઉપર પણ કરવી અશક્ય છે. આવો ઘૂમટ ભાગ્યે જ બીજે જોવા મળે. બાકીના પાંચ ઘૂમટમાં પણ અદ્દભૂત નકશીભર્યા ભાવો આલેખ્યા છે. તેમાં લટકતું લોલક કમળ છે અને પડદા પણ કોતર્યા છે.

ચોકીથી નીચે ઉતરતાં રંગમંડપમાંના ઘૂમટની કોરણી આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે એવી છે. તેમાં જાણે છીપો જડી હોય એવો દેખાવ કરેલો છે. ઘૂમટની વચ્ચે આરસનું લટકતું ઝુમ્મર કમળ આકારે કોતરેલું છે. આ બધું કલામય દ્રશ્ય તો આબુનાં દેલવાડાનાં મંદિરોથીયે ચડિયાતું હોય એમ જણાય છે.

દેવકુલિકાની ભીંતો હાલમાં બંધાયેલી છે, પણ શિખર જૂના પથ્થરના કટકાનું બનેલું છે. ગૂઢમંડપ જૂનો છે. તેને પહેલા બંને બાજુએ બારણાં તથા દાદરો હતા. હાલમાં તે બારણા પૂરી નાખેલાં છે. તેના ઠેકાણે માત્ર બે જાળિયાં રાખેલાં છે, જેથી અંદર અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણું અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણું જ કોતરકામ છે પણ દેવકુલિકાઓની બારસાખોને નથી.

ડાબી અગર પશ્ચિમ બાજુએ બે જૂના સ્તંભોની સાથે બે નવા સ્તંભો છે, જે ઉપરનાં ભાંગેલા ચોરસના આધારરૂપ છે. દક્ષિણ ખૂણાની પૂર્વ બાજૂમાં આવેલી ત્રીજી અને ચોથી દેવકુલિકાની બારશાખો બીજી દેવકુલિકાઓ કરતાં વધારે કોતરેલી છે ત્રીજી દેવકુલિકાની આગળ, ઉપરના ચોરસની નીચેની બાજુને અડકનારી એક કમાનના આધારરૂપ સ્તંભો ઉપર બે બાજુએ 'કીચક' (બ્રેકેટ્સ) જોવામાં આવે છે. આ બાબત ખાસ જાણવા જેવી છે, કારણ કે બીજે કોઈ ઠેકાણે અગ્રભાગમાં અગર દેવકુલિકામાં આ પ્રમાણે હોતું નથી.

શ્રી મહાવીરસ્વામી ભગવાન પાસેના મૂળગભારામાં બે સ્તંભો ઉપર સુંદર નકશીવાળું તોરણ હતું તે હાલ સમવસરણના દરવાજા બહાર લાવી ગોઠવ્યું

છે. તેના ઉપર સંવત 1213નો લેખ છે.

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર

શ્રી મહાવીરસ્વામી ભગવાનનના દેરાસની પૂર્વ બાજુએ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય અને વિશાળ મંદિર છે. આ મંદિરની બાંધણી શ્રી નેમિનાથ ભગવનાનના મંદિર જેવી છે. આ મંદિરની પશ્ચિમ દિશાનું બારણું પેઢી આગળના ચોકમાં પડે છે. અને એ બારણાથી વિશેષ અવરજવર રહેતી હોવાના કારણે ઉત્તર દિશાનું બારણું બંધ રાખવામાં આવ્યું છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, શૃંગારચોકીઓ, બંને તરફ થઈને 24 દેરીઓ, 1 ગોખલો અને શિખરબંધી બનેલું છે. આખુંયે મંદિર આરસપાષણથી બંધાયું છે.

મૂળગભારામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સુંદર પરિકરયુક્ત એકતીર્થી મૂર્તિ બિરાજમાન છે. તેના ઉપર શ્રી વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કર્યાનો સંવત 1675 નો લેખ છે.

ગૂઢમંડપમાં શ્રી શાંતિનાથ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરિકરયુક્ત બે કાઉસગ્ગીયા પ્રતિમાઓ છે. તેના ઉપર સંવત 1176 ના લેખો છે. ડાબા હાથ તરફ ત્રણતીર્થી વાળું એક મોટું ખાલી પરિકર સ્થાપન કરેલું છે. તેમાં મૂળનાયકજીની મૂર્તિ નથી. પરિકરમાંથી છૂટી પડી ગયેલી 3 કાઉસગ્ગીયા પ્રતિમાઓ અને એક અંબાજી માતાની મૂર્તિ પણ છે.

છચોકીઓમાં બંને બાજુના બે ગોખલાઓ પૈકી એક ગોખલામાં આખું પરિકર, સ્તંભો સહિત તોરણ વગેરે સુંદર કોરણીથી ભરેલું છે.

ગૂઢમંડપ અને સભામંડપના ઘૂમટો, છચોકીનો સમ્મુખ ભાગ, છચોકી અને સભામંડપના ચાર સ્તંભો, એક તોરણ, બંને તરફરને વચ્ચેની એકેક દેરીના દરવાજા, સ્તંભો, ઘૂમટો, માથેનાં શિખરો અને પ્રત્યેક ગુંબજોમાં સુંદર કોરણી કરેલી છે. સ્તંભો ઉપર દેવીઓ, વિદ્યાધરીઓ તેમજ બીજી કોરણી છે.

મંદિરમાં ઉત્તર દરવાજાથી પ્રવેશ કરતાં જમણા હાથ તરફ મકરાણાના નકશીદાર બે સ્તંભો ઉપર મનોહર તોરણ છે. તેમાંના એક સ્તંભ ઉપર સંવત-1181 નો લેખ છે.

ગોખલામાં પ્રતિમાજી નથી. એક ગોખલામાં ફક્ત પરિકરવાળી ગાદી જ છે.



ગૂઢમંડપ અને સભામંડપના ઘૂમટો, છચોકીનો સમ્મુખ ભાગ, છચોકી અને સભામંડપના ચાર સ્તંભો, એક તોરણ, બંને તરફ ને વચ્ચેની એકેક દેરીના દરવાજા, સ્તંભો, ઘૂમટો માથેનાં શિખરો અને પ્રત્યેક ગુમ્મજોમાં સુંદર કોરણી કરેલી છે. સ્તંભો ઉપર દેવીઓ, વિદ્યાધરીઓ તેમજ બીજી કોરણી છે.

બે દેરીઓમાં ખાલી પબાસન છે. પરિકર નથી. બે દેરીમાં અધૂરાં પરિકર છે. બે દેરીઓમાં નકશીદાર સ્તંભો યુક્ત સુંદર તોરણો લાગેલાં છે. બીજી દેરીઓમાં પરિકર અને પબાસણ છે. એક ગોખલામાં પબાસન અને પરિકરની ગાદી છે. દેરીઓમાંની પરિકરની ગાદી ઉપર ઘણે ભાગે તેરમી શતાબ્દિના મધ્યભાગના લેખો છે. સંવત–1259ના લેખણાં 'આરાસણમાં માંડલિક પરમાર ધારાવર્ષદેવનું વિજયી રાજ્ય' એમ લખેલું છે.

છેલ્લા ગોખલાના પબાસણની ગાદી ઉપર સંવત–1161 નો લેખ છે.

ગૂઢમંડપનો મુખ્ય દરવાજો અને નકશીવાળી બંને દેરીના દરવાજા માથે ચ્યવનકલ્યાણકનો ભાવ અને 14 સ્વપ્નો કોતરેલા છે.

આ મંદિરના સ્તંભો તથા ગોઠવણી મહાવીરસ્વામી ભગવાનના મંદિરના જેવી છે. પણ શ્રી શાંતિનાથભગવાનના મંદિરની માફક આમાં માત્ર ચાર તોરણો છે. જેમાંથી દેવકુલિકાની પરસાલની સામે આવેલા દાદર ઉપરનું એક જ હાલમાં બચી રહ્યું છે.

આમાં શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યની માફક ઘૂમટની આજુબાજુએ વાંસના સળિયા લગાડેલા છે. દેવકુલિકાનો બહારનો ભાગ તેમજ ગૂઢમંડપનો એક ભાગ અર્વાચીન છે. દાદર સાથે આવેલા બે સ્તંભોની વચ્ચેની એક જૂની બારશાખ ગૂઢમંડપની પશ્ચિમની ભીંતમાં ચણવામાં આવી છે. પણ આ દ્વાર બંધ કરવામાં આવ્યું નથી. ભીંતની બીજી બાજુએ આવી જ બારશાખો ગોઠવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેમ લાગે છે. કારણ કે ભીંત આગળ બે સ્તંભો ઉભા કરવામાં આવ્યા છે.

મૂળ દેવગૃહની બારશાખ ઉપર સારું કોતરકામ કરવામાં આવ્યું છે પણ તેના ઉપર પાછળથી ગુજરાતી રીતિ પ્રમાણે રંગ લગાડવામાં આવ્યો છે.

## શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર

શ્રી મહાવીરસ્વામી ભગવાનના દેરાસર આગળ રસ્તો મૂકીને શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર આવેલું છે. તેની રચના ભગવાન મહાવીરસ્વામીના દેરાસર જેવી જ છે. આ દેરાસરને પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર તરફનાં દરવાજા ખાસ

કામ સિવાય બંધ રહે છે. માત્ર પૂર્વ તરફના દરવાજે અવરજવર ચાલુ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, મુખ્ય દરવાજાની બંને બાજુએ આવેલી 16 દેરીઓ અને 10 ગોખલાઓ તેમજ શિખરથી સુશોભિત છે. મંદિરની પાછળનો ભાગ ખુલ્લો છે. ત્રણે બાજુના દરવાજાની શૃંગારચોકીઓ વગેરે બધું આરસપાષણથી બનેલું છે.

મૂળગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન પરિકર વિનાની પ્રતિમા બિરાજમાન છે.

ગૂઢમંડપમાં પરિકરમાંથી છૂટા પડેલા 4 કાઉસગ્ગીયા, 2 ઈન્દ્રો અને 1 હાથ જોડીને ઉભેલા શ્રાવકની મૂર્તિ છે. આ બધુંયે ગૂઢમંડપમાં છૂટું મૂકી રાખેલું છે.

મૂળનાયકની નીચેની ગાદી સંવત 1302 નો લેખ છે પણ તે ગાદી જીર્ણોદ્ધાર વખતે ત્યાં લગાવવામાં આવી હશે એમ લાગે છે. આરાસણના શ્રાવકો તે ગાદી કરાવેલી છે અને તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભરાવ્યાનું જણાવ્યું છે. જ્યારે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે.

છચોકીઓમાં ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બંને બાજુએ સુંદર કોરણીવાળા બે ગોખલા છે. તે પૈકી એકમાં એકતીર્થીનું ખાલી પરિકર લગાડેલું છે.

છચોકી અને સભામંડપના ગુંબજો તથા સ્તંભોમાં આબુ ઉપરના દેલવાડાના મંદિરો જેવી સુંદર કોરણી કરેલી છે. તેમાંયે છ સ્તંભોમાં વિશેષ કોરણી છે.

સભામંડપનું એક તોરણ કોરણીવાળું છે. ગૂઢમંડપમાં પ્રવેશ કરવાના દરવાજા ઉપર, તેની પાસેના સ્તંભો ઉપર અને છચોકીના નીચેના ભાગમાં પણ કોરણી કરેલી છે.

છચોકી અને સભામંડપની બંને બાજુની છતોના 12 ખંડોમાં પણ આબુ-દેલવાડાનાં મંદિરો જેવા જુદા પ્રકારના સુંદર ભાવો કોતરેલા છે. છતમાં જે ભાવો કોતરેલા છે તેમાં ખાસ કરીને પંચકલ્યાણક સાથેના તીર્થંકરોના વિશિષ્ટ જીવનપ્રસંગો કલ્પસૂત્રમાં નિર્દેશેલી ઘટનાઓ, સ્થૂલિભદ્રનો પ્રસંગ વગેરે ભાવો ઉત્કીર્ણ છે. તે દરેકની નીચે સમજૂતી માટે અક્ષરો કોરેલાં છે.

દરેક દેરીઓ અને ગોખલાઓમાં પબાસણ અને પરિકરો છે. તેમાંથી કેટલીક દેરીઓમાંથી પરિકરોના છૂટા છૂટા ભાગો જ્યાં ત્યાં મૂકેલાં છે. આ મંદિરની દેરીઓની પ્રતિમાઓ ઉપર સંવત–1087, સંવત–1110 તેમજ તે



દેરીઓ ઉપર તથા તેની અંદરના પબાસણની ગાદીઓ ઉપર સંવત–1138 ના લેખો છે. આ મૂળ મંદિર તો સંવત–1087 અગર તેથીયે પહેલાં બન્યું હોય એમ લાગે છે.

અહીંનાં બધાં મંદિરોમાંથી મળી આવેલાં લેખોમાં આ દેરાસરના લેખો પ્રાચીન જણાય છે. તેમાં સંવત–1087 નો લેખ સૌથી પ્રાચીન છે.

મંદિરમાં ડાબા હાથ તરફના ખૂણામાં ચતુર્દ્વારની દેરીમાં સમવસરણના આકારવાળા સુંદર કોરણીભર્યા પબાસનમાં નીચે બે ખંડમાં ચારે દિશામાં ત્રણ-ત્રણ જિન પ્રતિમાઓને કોરેલી છે. તેના ઉપર એકજ પથ્થરમાં ત્રણ ગઢયુક્ત ચતુર્મુખ (ચાર પ્રતિમાવાળું) સમવસરણ મૂકેલું છે. તેના પર લેખ છે.

આ મંદિરની બાંધણી અહીંના શ્રી મહાવીરસ્વામી ભગવાનની મંદિર જેવી જ છે. ફરક માત્ર એટલો જ છે કે, ઉપરની કમાનની બન્ને બાજુએ ભગવાન મહાવીરસ્વામીના મંદિરની માફક ત્રણ ગોખલા નહીં પણ ચાર છે. આ દરેક ગોખલામાં સંવત 1138 ના લેખો છે અને એક લેખ સંવત–1146 નો છે. વળી, મંડપના આઠ સ્તંભો, જે અષ્ટકોણાકૃતિમાં છે તે ઘૂમટને ટેકો આપે છે. તેના ઉપર ચાર તોરણો છે. આ બધાં તોરણો તૂટી ગયાં છે. ફક્ત પશ્ચિમ તરફનું અવશેષ બચી રહ્યું છે.

પાછળના ખાલી ભાગમાં એક દેરી છે, તેમાં નંદીશ્વરની રચના કરેલી છે. કેટલીક નાની નાની મૂર્તિઓ પણ છે. પણ મોટેભાગે તે ખંડિત થયેલી છે. બહાર ઓટલા ઉપર ગોખલાની ભીંતમાં ચોડેલી મૂર્તિ સૂર્ય યક્ષની છે. તેને કેટલાક 'ગણપતિની મૂર્તિ' કહે છે. તેની બંને બાજુએ ભીંતમાં બીજી કેટલીક મૂર્તિઓ ચોંટાડેલી છે. એમાં એક મૂર્તિ ચામરધારી છે.

આ શાંતિનાથ ભગવાનના મંદિરમાં વસ્તુતઃસર્વ પ્રથમ મૂળનાયક શ્રી ઋષભદેવની મૂર્તિ પ્રતિષ્ઠિત હશે. મુનિશ્રી જયંતવિજયજીના પુસ્તક કુંભારિયાનાં પરિશિષ્ટમાં આપેલાં સંવત 1148 ના લેખાંક : 28 (14/6) માં આ મંદિરનો શ્રીમદાદિજિનાલયે એવો ઉલ્લેખ કરેલો છે. આ સિવાય સંવત વિનાના લેખાંક, 30 (150) માં ઋષભાલયે એવો ઉલ્લેખ મળે છે એટલે સંવત 1148 પછીના કોઈ સમયે અહીંના મૂળનાયકમાં ફેરફાર થયો હશે.

## શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર

શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરની દક્ષિણે લગભગ બસો વાર દૂર શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર આવેલું છે. બધાં મંદિરો કરતાં આ મંદિરની

બાંધણી જુદી પડે છે અને પ્રમાણમાં નાનું પણ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, સભામંડપ, શૃંગારચોકી, કોટ તેમજ શિખરબંધી છે. મંદિરમાં પ્રદક્ષિણા પથ-ભમતી નથી. પાષાણનું છે. દરેક દરવાજામાં પ્રાયઃ કોરણી છે અને શિખરમાં પણ કોરણી કરેલી છે. મૂળગભારામાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. તેને એક પ્રાચીન વેદી ઉપસ બેસાડેલી છે. કોઈને એ મૂર્તિ ઉપર સિંહનું લાંછન જણાતાં તેને મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની મૂર્તિ હોવાનું પણ કહે છે. પરંતુ અત્યારે આ મંદિર શ્રી સંભવનાથ ભગવાનનું કહેવાય છે. પ્રાચીન ગ્રંથો અને 'તીર્થમાળાઓ' માં સંભવનાથના મંદિરનો ઉલ્લેખ નથી. વસ્તુતઃ પ્રાચીનકાળની ચિત્રશૈલીમાં સિંહની આકૃતિ ઘોડા જેવી જ હોય છે એટલે આ મંદિર 'શ્રી મહાવીરસ્વામીનું મંદિર' હશે એમ લાગે છે.

ગૂઢમંડપના એક ગોખલામાં પરિકર સાથેની પંચતીર્થીની એક પ્રતિમા સ્થાપન કરેલી છે. ગૂઢમંડપના દરેક ગોખલામાં મૂર્તિ વિનાનાં ખાલી પરિકરો છે, તેમજ એક શ્રાવક-શ્રાવિકાનું યુગલ છે.

આરાસણનાં આ ચાર મંદિરોનું શિલ્પ-સ્થાપત્ય, સ્તંભો, કમાનો, છતોમાં આલેખેલા ભાવો અને રચના આબુ ઉપરના દેલવાડાના વિમલવસહી મંદિર જેવાં છે એટલે સંવત 1088 માં વિમલવસહીની પ્રતિષ્ઠા થઈ તે પહેલાં એક વર્ષ અગાઉ અહીંના શ્રીશાંતિનાથ ભગવાનના મંદિરમાંથી મળી આવતાં પહેલી દેરીના સંવત 1087ના લેખના આધારે કહી શકાય કે એ સમય પહેલાં આરાસણમાં મંદિરો બાંધવાનો પ્રારંભ થયો.

## ઉપબલ્ધ ઐતિહાસિક ઉલ્લેખો

આ મંદિર કોણે બંધાવ્યા એ વિશે કોઈ નિર્ણયાત્મક હકીકત મળી નથી, છતાં શ્રી શીલવિજયજી પોતાની 'તીર્થમાલા'માં નોંધે છે કે

"આરાસણિ છિં વિમલવિહાર, અંબાદેવી ભુવન ઉદાર." (જૂઓ, પ્રાચીન તીર્થમાલા ભાગ-1, પૃષ્ઠ-103, કડી-31)

શ્રી સૌભાગ્યવિજયજીએ સંવત 1750 માં રચેલી "તીર્થમાલા"માં પણ જણાવ્યું છે : "આરાસણ આબુગઢે જે નર ચઢેં રે વિમલવસી વિસતાર"

વળી, ખીમાકૃત "ચૈત્ય-પરિપાટી" ગાથા : 17 માં જણાવ્યું છે કે

"આરાસણિ અરબદ શિરે, વંદુ વિમલવિહાર"

**("જૈનયુગ" પુસ્તક : 4, અંક 6–8, પૃષ્ઠ–252)**



"વિજયપ્રશસ્તિ મહાકાવ્ય" સર્ગ : 21, શ્લોક 60 ની ટીકામાં પણ એજ વાતનું સમર્થન મળે છે. આ બધા ઉલ્લેખો અહીંના બધાં મંદિરો મંત્રી વિમલશાહે બંધાવ્યાનું જણાવે છે.

અહીં 11મી શતકના દ્વિતીય ચરણમાં નન્નાચાર્ય-ગચ્છના આચાર્ય સર્વદેવ સૂરિએ, 12મા શતકના દ્વિતીય ચરણમાં વાદીન્દ્ર દેવસૂરિએ, બૃહદ, ચંદ્ર અને મડાહડ આદિ ગચ્છોના સૂરિમુનિઓ પણ પ્રતિષ્ઠાદિ કરી ગયા છે. સંવત 1148 (ઇ.સ. 1092)માં અહીં થારાપદ્ર ગચ્છીય યશોદેવસૂરીએ આરાસણગચ્છ પણ સ્થાપેલો.

માંડવગઢના મંત્રી પેથડના પુત્ર ઝાંઝણ સંવત-1340 (ઇ.સ. 1264)માં અહીં સંઘ લઇ યાત્રાર્થે આવેલા. તે પછી એકાદ બે દાયકામાં ખરતરગચ્છીય જિનચંદ્ર સૂરિ (તૃતીય) અને ત્યાબાદ યુગપ્રધાન આચાર્ય જિનકુશલસૂરિ સંઘ સાથે સંવત–1379 (ઇ.સ. 1323)માં વંદન દેવા આવેલા. આ સિવાય 15 મા શતકની, તેમજ 17 મા શતકની, કેટલીક ચૈત્યપરિપાટીઓમાં આ તીર્થનાં વિદ્યમાન મંદિરોના નામ સમેત ઉલ્લેખો મળે છે.

આરાસણમાં સોલંકીઓના સીધા શાસન બાદ, રાજા ભીમદેવ દ્વિતીયના મળતાં સંવત–1263 (ઇ.સ. 1207) ના લેખ પછીથી કે તે આરસામાં આબૂના ઇતિહાસ-પ્રસિદ્ધ પરમાર રાજા ધારાવર્ષદેવનું શાસન થયું હશે તેવું અભિલેખો પરથી જાણવા મળે છે.

13મા શતકના અંત ભાગે થયેલા મુસ્લિમ આક્રમણો આરાસણ પણ ભોગ બન્યું. એની દેવપ્રતિમાઓ ખંડિત થઈ; ને નગરનો પ્રાયઃ નાશ થયો જણાય છે. 14માં શતકના પૂર્વાર્ધમાં ત્રિસંગમક (ત્રિશૃંગમક)ના રાણા મહિપાલદેવના આરાસણ પરના શાસન પછીથી ગામ તેમજ દેવમંદિરો ક્રમશઃ ઉજ્જડ થયાં; છતાં 15મા શતકમાં કોઈ કોઈ જૈન યાત્રીઓ આરાસણ આવતા હશે, પછીથી ગામ ખાલી પડ્યું જણાય છે.

## જીર્ણોદ્ધાર

શ્રી વિજયસેનસૂરિના ઉપદેશથી તારંગા, શંખેશ્વર, સિદ્ધાચલ, પંચાસર, રાણપુર, આરાસણ અને વિજાપુર વગેરનાં મંદિરોના ઉદ્ધાર (સંવત 1639 થી 1646) સુધીમાં થયા.

આ તીર્થનો વહીવટ મુંબઈવાસી શેઠ રાયચંદના હસ્તક આવ્યો. તે પછી અમદાવાદના નગરશેઠે પણ આ તીર્થનો વહીવટ કરવાનું માથે લીધું. છેવટે દાંતાના શ્રી સંઘે અહીંનો વહીવટ કરવા માંડ્યો.

સંવત 1957 (ઇ.સ. 1901) માં અહી યાત્રાળુંઓ માટે ધર્મશાળા બની હતી. પછી સંવત-1976 (ઇ.સ. 1920) ની સાલમાં આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી અહીં પધાર્યા. આ ભવ્ય દેરાસરોની દુર્દશા જોઈ તેમને ભારે દુઃખ થયું.

આચાર્યશ્રીએ એનો જિર્ણોદ્ધાર કરાવવાનો નિર્ણય કર્યો. તેમણે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સભ્યોને કુંભારિયાજીમાં બોલાવ્યા. સૌ એકઠા થયા અને સંવત-1976 (ઇ.સ. 1920) માં દાંતા શ્રીસંઘે કુંભારિયાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને સોંપી દીધો.

ઈ.સ. 1921 ની આસપાસ જીર્ણોદ્ધારનું કામ શરૂ થયું. ગભારા અને સભામંડપને સાફ કરાવ્યા. આરાસણની ખાણમાંથી આરસ કઢાવવામાં આવ્યો. કુશળ કારીગરોના હાથે જૂના પડેલા કે તૂટી ગયેલા ભાગને સમરાવવા માંડ્યો. થાંભલા, પાટ વગેરે નવાં થયાં જૂનાને આંચ ન આવે તે રીતે નવું કામ થવા લાગ્યું. આ કામ ત્રણ વર્ષ સુધી સતત ચાલ્યા કર્યું. સંવત–1990 (ઇ.સ. 1934) માં જૂના ધ્વજ-દંડને સ્થાને નવા ચડાવ્યા. આ રીતે પેઢીએ વહીવટ સંભાળ્યો ત્યારથી આ તીર્થના જિર્ણોદ્ધારમાં લાખો રૂપિયાનો ખરચ કર્યો અને વહીવટી તંત્રને પણ વ્યવસ્થિત કર્યું.

તારીખ 7-3-1976 ની પેઢીની સામાન્ય સભામાં પોતાનું નિવેદન કરતાં ત્યારના પ્રમુખ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ જણાવ્યું હતું કે "કુંભારિયાજીમાં આપણાં પાંચ મંદિરો છે. તેમાંના એક મંદિરોનો થોડાં વર્ષો ઉપર જિર્ણોદ્ધાર કરાવવામાં આવેલ. તેમાં પાશ્ચિમાત્ય શિલ્પ દાખલ કરેલું. તે મે કઢાવી નાંખી આપણા જૈન શિલ્પના જેવું કરાવ્યું. તે ઉપરાંત બીજા મંદિરોમાં જે મરામતની જરૂર હતી તે પૂરી કરાવી. કમ્પાઉન્ડમાં ઝાડો વવરાવ્યાં આપણી મિલ્કતમાં ભવિષ્યમાં કોઈ ડખલ કરતું ના આવે તે સારૂં કોટ બંધાવી લીધો. એક છેડા ઉપર શિવમંદિર હતું તે આપણી મિલ્કત ન હતી. જેથી એને કોટની બહાર રાખી લીધું. તેનું કામ બે વર્ષ ચાલ્યું અને તેમાં 1,33,000.00 રૂપિયા ખર્ચ થયો."

હાલમાં આ તીર્થનો સારો એવો વિકાસ થયો છે. યાત્રિકો માટે આ તીર્થમાં રહેવાની બધી સગવડતા ઉપલબ્ધ છે.



**ધર્મશાળા અને ભોજનશાળા**

આ તીર્થમાં 2 ધર્મશાળાઓ છે. - એક ધર્મશાળામાં 8 મોટા બ્લોક છે. અન્ય ધર્મશાળામાં 16 સેમી બ્લોક છે. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબને ઉતરવા માટે અલગ ઉપાશ્રય ઉપલબ્ધ છે. અહીં ભોજનશાળા પણ છે. જ્યાં યાત્રિકો માટે નવકારશી તથા જમવાની સગવડ છે.

અમદાવાદથી કુંભરીયાજી તીર્થનું અંતર (વાયા હિંમતનગર) 180 કિ.મી.
(વાયા મહેસાણા) 200 કિ.મી.

**કુંભરીયાજીથી આજુબાજુના તીર્થો**

અંબાજી 2 કિ.મી. / મોટા પોસીના 30 કિ.મી. / નાના પોસીના 50 કિ.મી. / તારંગાજી 55 કિ.મી. / ઇડર 260 કિ.મી. / પાલનપુર 60 કિ.મી. / આબુરોડ 22 કિ.મી. / માઉન્ટ આબુ 50 કિ.મી. / પાવાપુરી તીર્થ 70 કિ.મી.

**સંપર્ક :**
**કુંભરીયાજી તીર્થ,**
**શેઠ આણંદજી કલ્યાણજી,**
**પો.અંબાજી, પીન-385110, વાયા - પાલનપુર**
**ફોન નં. : 0749 – 262178 ● મોબાઈલ : 3428000610**

## કુભારીયા તીર્થની યાત્રા

**(૨ ફેબ્રુઆરીથી ૧૫મી મે સુધી)**

અરાવલીના ખોળે ટેકરીઓ અને વનરાજીના આચ્છાદનથી શોભતા તીર્થ આરાસણ-કુંભારીયાની યાત્રાર્થે કુલે 4 હજાર જેટલા યાત્રિક ભાઈ-બહેનો શ્રદ્ધા ભક્તિ સાથે પધાર્યા હતા. વિહારયાત્રા દરમ્યાન પદાર્પણ કરનારા પૂજ્ય સાધુ-સાધ્વીજીની સંખ્યા 84 હતી. આ દરમ્યાન વાહનો દ્વારા 27 સંઘો જેમાં 2,000 જેટલા ભાવુક ભક્તો અહીંના 5 જિનાલયોને વંદીને, ભેટીને, પૂજીને પાવન બન્યા હતા. અહીં નેમનાથ ભગવાનના દેરાસર ખાતે છતમાં તથા દરવાજા પાસેની ભીંત પર ચિત્રકામ ચાલી રહ્યું છે.

## પાલીતાણા તથા અન્ય તીર્થોમાં ચાલતા જિર્ણોદ્ધારના કાર્યો

1. શ્રી બાલાભાઈની ટૂકમાં અગ્નિખૂણા જિનાલયનું કાર્ય
2. શ્રી પ્રેમાભાઈની ટૂકમાં મુખ્ય જિનાલયનું કાર્ય
3. શ્રી હેમાભાઈની ટૂકમા ભમતીનું કાર્ય
4. શ્રી કુમારપાળ જિનાલયથી શ્રી શાંતિનાથ જિનાલયની વચ્ચે આવતા જિનાલયોને કલરકામ.
5. શ્રી કુમારપાળ જિનાલયનો જિર્ણોદ્ધાર
6. શ્રી કુમારપાળ જિનાલયમાં ઘુમ્મટમાં ચિત્રકામ
7. શ્રી જય તળેટીએ ઘુમ્મટમાં ચિત્રકામ
8. શ્રી જશકુવર પેઢીમાં આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનું કામ
9. શ્રી શાંતિનાથ ભગવાન જિનાલયનો જિર્ણોદ્ધાર
10. મૂછાળા મહાવીરજી તીર્થના દેરાસરની ભમતીની 24 દેરીનો જિર્ણોદ્ધાર
11. મક્ષીજી તીર્થમાં 36 દેરીનો જિર્ણોદ્ધાર
12. કુંભારીયાજી 2 નવી દેરીઓનું નિર્માણ, માણીભદ્રવીર અને મૂળનાયક ભગવાન શ્રી નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયિકા શ્રી અંબિકા દેવીની દેવકુલિકાનું નિર્માણ કાર્ય.
13. જૂનાગઢ–0 શ્રી ગિરનાર તીર્થ ઉપર ચૌમુખજી દેરાસર, મલ્લવાળુ દેરાસર તથા શ્રી જ્ઞાનવાવ દેરાસરનો જિર્ણોદ્ધાર
    જૂનાગઢ શહેરમાં શ્રી મહાવીર સ્વામી દેરાસરના પરિસરમાં શ્રી ચૌમુખજી દેરીને નવનિર્મિત બનાવવાનું કાર્ય.
14. રાણકપુર મુખ્ય દેરાસર ઉપરના ઘુમ્મટ વિગેરેનો જિર્ણોદ્ધાર
15. તારંગા રથરૂમ અને કેસર તથા સુખડ ઘસવા માટેની રૂમનું કાર્ય
16. વામજ દેરાસરનાં મુખ્ય પ્રવેશદ્વારનું કાર્ય

| સંઘોમાં ચાલતા જિર્ણોદ્ધારની વિગત | |
|---|---|
| **વર્ષ 2013–2014** | **કુલ સંઘ** |
| જિર્ણોદ્ધાર | 42 |
| નૂતન નિર્માણ | 28 |
| **કુલ** | **70** |



## સમાચાર સાર

**શત્રુંજય મહાતીર્થ**

ફેબ્રુઆરી થી ૧૫ મેના આ સમય દરમ્યાન શાશ્વત ગિરિરાજ શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે પધારનાર મહાનુભાવોની સંખ્યા 1 લાખ 78 હજાર જેટલી રહી હતી. (ફાગણ સુદ–13 ની 6 ગાઉ યાત્રા તથા અક્ષયતૃતીયા વરસીતપ પારણા પ્રસંગના કારણે સંખ્યામાં વધારો નોંધાયો છે.)

800 થી 900 સંખ્યામાં પૂજ્ય ત્યાગી-વિરાગી સાધુ-સાધ્વીજી મહારાજોએ જેમાં 10 થી 12 પૂજ્યાપાદ આચાર્ય ભગવંતો હતા, આ તીર્થની પાવનભૂમિની સ્પર્શના કરી હતી.

અન્ય આરાધનાઓમાં 2 જગ્યાએ ઉપધાન તપ આરાધનાનું આયોજન થયું હતું. આ દરમ્યાન 8 છ'રી પાલિત (વિશિષ્ટ નિયમો સાથે પદ યાત્રા કરનાર ચતુર્વિધ સંઘ) સંઘો તીર્થની યાત્રાએ પધાર્યા હતા.

ગિરિરાજ ઉપર 252 જેટલી પૂજાઓ ભણાવવામાં આવી હતી. જય તળેટીએ 9 પૂજાઓનું આયોજન થયું હતું. આ દરમ્યાન 700 થી વધારે વિદેશી મહાનુભાવો આ મહાત્રીથની પાવનકારી યાત્રા-સ્પર્શના કરીને ધન્ય બન્યા હતા.

**ગરવા ગઢ ગિરનારની યાત્રા :**

ફેબ્રુઆરી–14 થી 15 મે 14 સુધી સોરઠના શણગાર સમા મહામહિમાવંત તીર્થ શ્રી ઉજ્જયંતગિરિ ગિરનારની યાત્રાર્થે 20667 યાત્રિક ભાઈ બહેનો પધાર્યા હતા. તીર્થ સ્પર્શના કરનાર પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજની સંખ્યા 110 જેટલી છે. આમાના અધિકાંશ પુણ્યશાળી આત્માઓએ 4 હજારથી વધારે પગથિયા ચઢીને 22 માં તીર્થંકર અરિષ્ટનેમિ-નેમિનાથ દાદાના દર્શન-પૂજન, સ્તવન અને ભક્તિનો લાભ લીધો હતો. આ દરમ્યાન બસો-વાહનો દ્વારા 68 સંઘો યાત્રાર્થે પધારેલ હતા.

આ મહાતીર્થ ખાતે દાદાની વરસગાંઠ નિમિતે ધજારોહણ, અઢાર

અભિષેક વગેરે પ્રસંગો ભક્તિભીના વાતાવરણમાં યોજાયા હતા. જૂનાગઢ ગામના દેરાસરમાં પણ ધ્વજારોહણ અને 18 અભિષેકનું આયોજન કરાયું હતું. તળેટી ખાતે દેવ-દેવીઓની દેરીઓ માટે શિલાન્યાસ વગેરે પ્રસંગોનું આયોજન આ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

**સેરિસા તીર્થ**

ફેબ્રુઆરીથી મે-૨૦૧૪ દરમ્યાન અમદાવાદથી ૪૦ કિલોમિટરની દૂરી પર આવેલા **સેરિસા તીર્થની** યાત્રાર્થે પધારનાર યાત્રિક ભાઈ-બહેનોની સંખ્યા ૨૮૦૦ જેટલી હતી. ૫૨૪ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબ વિહાર દરમ્યાન પધાર્યા હતા. ૧૪ આચાર્યભગવંતો આ તીર્થ ભૂમિની સ્પર્શના કરવા પધાર્યા હતા. આ તીર્થમાં ઉપધાન તપ આરાધના, અટ્ઠમતપ આરાધના તથા શિબિર વગેરે કાર્યક્રમો પણ યોજાયા હતા.

**તારંગા તીર્થ :**

દ્વિતીય તીર્થંકર અજિતનાથ ભગવાન જ્યાં મૂળનાયક રૂપે બિરાજમાન છે અને કોટિશિલા, સિદ્ધશિલા તથા મોક્ષની બારી જેવી ટૂકો જ્યાં વિખ્યાત છે એવા તારણહાર તીર્થ તારંગા-તારણગિરિની યાત્રા કરવા માટે 37 હજાર 300 જેટલા યાત્રિક દર્શનાર્થી ભાઈ-બહેનો પધાર્યા હતા. (જેમાં 23 હજારથી વધારે અન્ય ધર્માવલંબી ભાઈ-બહેનો હતા.) વાહનો દ્વારા 12 જેટલા સંઘો આ તીર્થની ભૂમિને સ્પર્શના કરવા પધાર્યા હતા. 86 જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો તીર્થક્ષેત્રની સ્પર્શના કરવા પધાર્યા હતા જ્યારે એક આચાર્ય ભગવંત પોતાના શિષ્ય પરિવાર સાથે તીર્થની યાત્રા માટે પધાર્યા હતા.

**રાણકપુર :**

રાજસ્થાનની રંગીલી ધરતીના આભૂષણરૂપ રાણકપુર તીર્થના ત્રૈલોક્યમંડન, ધરણવિહારના નામે પ્રખ્યાત 1444 સ્તંભોથી શોભતા શ્રી ઋષભદેવ જિનાલયના દર્શન-પૂજન, સ્તવનના તથા ભક્તિ ભાવના દ્વારા ધન્ય થવા



1,17,500 (એક લાખ સત્તર હજાર પાંચસો) જેટલા યાત્રિકો અહીં પધાર્યા હતા. આમાં 35645 જેટલા વિદશી પર્યટકોનો પણ સમાવેશ થાય છે.

અહીં આ સમય ગાળા દરમ્યાન 117 જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો પધાર્યા હતા. જેમાં 3 પૂજ્ય આચાર્ય ભગવંતો હતા.

માર્ચની 5 મી તારીખે તીર્થની વરસગાંઠ નિમિત્તે ધજારોહણનો ભવ્ય પ્રસંગ શાનદાર રીતે ઉજવાયો હતો. આમાં 3 થી 4 હજાર જેટલા જૈનો ઉપરાંત અન્ય ધર્માવલંબીઓ પણ ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે ધરણાશાહના વંશજોએ મુખ્ય દેરાસર ઉપર ધ્વજા ચઢાવી હતી.

આ દિવસે પણ હજારેક જેટલા યાત્રિક ભાઈ-બહેનો હતા. આ દિવસોમાં 1 છ'રી પાલિત-પદયાત્રા સંઘ અને વાહનો દ્વારા અન્ય 15 સંઘો અહીંની ભૂમિ સ્પર્શના કરવા પધાર્યા હતા.

**મૂછાળા મહાવીર :**

મારવાડની માનભરી ધરતીના ધબકારરૂપ મૂછાળા મહાવીર તીર્થની યાત્રાર્થે પધારેલા યાત્રિકોની સંખ્યા 5 હજાર જેટલી હતી. 50 જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો જેમાં 2 પૂજ્યપાદ આચાર્ય ભગવંતો પણ હતા, આ તીર્થભૂમિની યાત્રાર્થે પધાર્યા હતા.

આ તીર્થની વરસગાંઠ વૈશાખ સુદ–8 ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. અહીં દેરાસરની આસપાસ દેરીઓનું નિર્માણ કાર્ય ચાલુ છે. 16 જેટલી દેરીઓ નિર્માણ પામી છે. અન્યનું કામ ગતિશીલ છે.

**મક્સી તીર્થ :**

મધ્યપ્રદેશ ખાતે શાજાપુર જિલ્લામાં આવેલ મક્સી તીર્થ અને એ તીર્થના મૂળનાયક મક્સી પાર્શ્વનાથની યાત્રાએ 1167 મહાનુભાવો પધાર્યા હતા. 37 પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો તીર્થસ્પર્શના કરવા પધાર્યા હતા.

અહીં મુખ્ય દેરાસરની બાજુની ભમતીમાં 36 દેરીઓમાંથી 34 દેરીઓનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. 2 દેરીઓનું નિર્માણ કાર્ય ગતિ ઉપર છે.

# તારણહારા શાશ્વત તીર્થ શત્રુંજયની તળેટીએ વરસીતપના પારણા

દરવર્ષની જેમ પેઢી દ્વારા શાશ્વત ગિરિરાજ શત્રુંજયની સોહામણી તળેટીમાં અક્ષયતૃતીયના દિવસે વરસીતપના પારણા કરાવવાનું સામૂહિક આયોજન વૈશાખસુદ-2, શુક્રવાર તા. 2–5–2014ના દિવસે પારણા ભવન ખાતે રાખવામાં આવ્યું હતું. 670 જેટલા તપસ્વી ભાઈ બહેનોએ 13 મહિના અને 11 દિવસ સુધીના દીર્ઘ તપની આરાધના કરી હતી. આ તપ ફાગણ વદ-આઠમથી આરંભાય છે. અને અક્ષયતૃતીયાની પૂર્વ સંધ્યાએ સમાપન પામે છે. આમાં ઉપવાસ, ક્યારેક છઠ્ઠ (બે ઉપવાસ સાથે) આમ કુલે 400 અથવા 360 ઉપવાસ, એકાંતરે પારણાવાળા થતા હોય છે. પારણામાં તપસ્વીઓ બેસણાનો તપ કરતા હોય છે.

અક્ષય તૃતીયના દિવસે પ્રથમ તીર્થંકર ઋષભદેવ પ્રભુને એમના પ્રપૌત્ર શ્રેયાંસ કુમારે ઈક્ષુરસ (શેરડીનો રસ)થી પારણું કરાવેલ તેની સ્મૃતિમાં આ તપના તપસ્વીઓ પણ ઈક્ષુરસનું પાન કરીને વરસીતપનું પારણું કરતાં હોય છે. પેઢીના ઉપક્રમે પારણાના આ આયોજનનો સમગ્ર લાભ અમદાવાદના શાલિભદ્ર ગ્રુપવાળા શેઠશ્રી કેતનભાઈ જયંતિલાલ શાહ પરિવાર ઉદારતા પૂર્વક લીધો હતો એ પરિવારમાં સૌ.અનિષાબેન કેતનકુમાર શાહ તથા અવનિબેન મુકેશકુમાર શાહે વરસીતપની આરાધના કરી હતી.

આ પુણ્ય પ્રસંગે તપસ્વીઓને મંગલ આશીર્વાદ આપવા પૂર્વક માંગલિક સંભળાવવા માટે ગિરિવિહાર ખાતે બિરાજમાન પૂજ્ય પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી હેમપ્રભસૂરિશ્વરજી મહારાજ આગમ મંદિરથી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી અશોકસાગરજી મહારાજ તથા પંન્યાસ પ્રવર શ્રી અક્ષયબોધિ વિજયજી મહારાજ વગેરે પધાર્યા હતા.

આ પારણા પ્રસંગે તપસ્વીઓ, એમના સગા સંબંધીઓ, અન્ય આરાધકો, યાત્રિક બાઈ બહેનો, તીર્થમાં બિરાજમાન પૂજ્ય પદસ્થો મુનિ ભગવંતો સાધ્વીજી



મહારાજ તમામની હાજરી અને ચતુર્વિધ સંઘના ઉછળતા અને ઉભરાતા પ્રભુ ભક્તિ, તીર્થ ભક્તિ, ચતુર્વિધ સકળ સંઘની ભક્તિના ત્રિવેણી સંગમે સમગ્ર પ્રસંગને પુણ્યાનુબંધી પુણ્યના પાવન નીરથી ભીંજવી નાંખ્યો ! અખાત્રીજની વહેલી સવારથી 17 થી 18 હજાર જેટલા દાદાના ભક્તોએ શત્રુંજયગિરિના 3501 જેટલા પગથિયા ચઢીને દાદાને ભેટ્યા, પૂજ્યા અને મન ભરીને નિરખ્યા, મન મૂકીને સ્તવ્યા. કાળઝાળ ગરમી અને બળબળતા તાપ અને ઉકળાટ વચ્ચે પણ અપૂર્વ શાતા-સમતા સાથે યાત્રા કરીને જય આદિનાથ, જય શત્રુંજય, તપસ્વીનો જયજયકાર તપ અને તપસ્વીની અનુમોદનાના નાદો વચ્ચે તપસ્વીઓએ પારણા કર્યા. ભક્તિ કરનારા ભક્તોએ તપસ્વીઓના ઓવારણા લીધાં.

વ્યવસ્થા માટે પેઢીના ટ્રસ્ટીઓ, કાર્યવાહકો ઉપરાંત સમકિત યુવક મંડળ મુંબઈ, પ્રાર્થના મંડળ (ભાવનગર), સ્થાનિક સ્વયંસેવકો વગેરેએ વ્યવસ્થા જાળવવાની સંપૂર્ણ જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી.

2600 જેટલા યાત્રિક ભાઈ બહેનોએ તીર્થની આશાતનાને નિવારવા, સાધનાબળને વધારવા, તીર્થની સ્વચ્છતા, પાવકતા અને રમણીયતાને સાચવી રાખવાના સંકલ્પ પત્રો ભરીને તીર્થ ભક્તિ કરી હતી. આ પ્રયાસોમાં સમકિત યુવક મંડળ મુંબઈના યુવકોનું યોગદાન મહત્ત્વપૂર્ણ અને અનુમોદનીય હતું.

**આપને આનંદ કલ્યાણ મેગેજીન ગમ્યું ?**

આપને આણંદજી કલ્યાણજી પેઢીની પ્રવૃત્તિઓ વિશે જાણવામાં રૂચિ છે ? તો એક કામ કરો આપનું પુરું નામ, પુરુ સરનામું, ગામ, પિન કોડ, ફોન નં., મોબાઈલ નંબર, ઈ-મેઈલ વગેરે અમને લખી જણાવશો. આપના મિત્રો-સ્વજનોના સરનામા પણ અમને જણાવશો. અમે આપને સહુને **આનંદ કલ્યાણ** મેગેજીન મોકલીશું.

**અમારૂં સરનામું નોંધી રાખો.**

આનંદ કલ્યાણ મેગેજીન (ત્રૈમાસિક પત્ર)
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
E-mail : anandkalyanmagazine@gmail.com

# આણંદજી કલ્યાણજી પેઢીની વેબસાઈટ

આણંદજી કલ્યાણજી પેઢી આમ તો પારંપરિક રીતે શ્રીસંઘની સેવામાં પ્રત્યેક કાર્યો પોતાની રીતે કર્યે જ જાય છે. જશ, અપજશ, સરાહના, આલોચના, ટીકાટીપ્પણી કે અનુમોદના... આવા અનેક વિધેયાત્મક-નકારાત્મક પરિબળો વચ્ચે પણ પેઢીએ મક્કમપણે કાર્ય કરવાની પોતાની પરંપરા જાળવી રાખી છે.

બદલાતા સમય અને પરિવર્તિત પ્રવાહોના એંધાણ પેઢી પણ પારખે છે. અને એ મુજબ પોતાની કાર્યપ્રણાલી કે વ્યવસ્થા પ્રણાલીને પરિણામલક્ષી બનાવતી રહે છે. વરસો પહેલા સ્વ. પંડિત અંબાલાલ પ્રેમચંદ શાહના વિદ્વત્તાપૂર્ણ સંપાદન હેઠળ 'સર્વતીર્થ સંગ્રહ' ભાગ-1, 2, 3 પ્રકાશિત કરીને પેઢીએ ભારતભરના શ્વેતાંબર જૈન દેરાસરો, તીર્થોનો ઈતિહાસ સંગ્રહિત કરવાનો પ્રયાસ આરંભ્યો હતો એજ કડીના રાજનગર, વડોદરા, સુરત, પાટણના જિનાલયોની વિસ્તૃત આંકડાકીય સત્તાવાર માહિતી સંગ્રહિત કરીને પ્રકાશિત કરીને ગ્રંથરૂપે પ્રકાશિત કરી. શત્રુંજય, ગિરનાર, કુંભારીયા, તારંગા, રાણકપુર વગેરે તીર્થોની પરિચય પુસ્તિકાઓ પ્રો. મધુસૂદન ઢાંકી જેવા પ્રતિષ્ઠિત ઈતિહાસજ્ઞ તથા પુરાતત્ત્વવેત્તા વિદ્વાન પાસે તૈયાર કરાવી.

વીજાણું માધ્યમોના જગતમાં રાણકપુરની DVD દ્વારા પેઢીએ નાની પગલી તો માંડી જ લીધી હતી.

પરિવર્તનના પડકારોને પેઢી સારી પેઠે સમજે છે અને સ્વીકારે છે. આજ કડીમાં હવે **પેઢીની પોતાની વેબસાઈટ અમદાવાદ ખાતે પેઢીની વાર્ષિક મિટિંગના આયોજન વખતે લોકાર્પિત કરવામાં આવશે.**

જો કે આ વેબસાઈટને તૈયાર કરવામાં ઘણો વિલંબ થયો છે. પણ 'દેર આયે દુરુસ્ત આયે' 'મોડા પણ મોહક બનીને આવ્યા'ની જેમ પેઢી પોતાની વેબસાઈટ પ્રારંભાય છે. આ વેબસાઈટ પર પેઢીનો ઈતિહાસ, પેઢીની અનેકવિધ પ્રવૃત્તિઓ, પેઢીના વહીવટમાં આવનાર તીર્થોની વિગતવાર વાતો, તીર્થ ભક્તિની યોજનાઓ, પેઢીની પાંજરાપોળ / જીવદયા વગેરે પ્રવૃત્તિઓ સાથે જ તીર્થભૂમિઓ ખાતે સચવાયેલ પ્રાચીન સ્થાપત્ય કળા, શિલ્પ, કાષ્ઠકળા વગેરે લોક સમૂહ સુધી પહોંચાડવાનો નાનકડો પ્રયાસ આરંભે છે. ધીમે ધીમે આ વેબસાઈટ વધુને વધુ સમૃદ્ધ બનશે. આપ સહુના વિધેયાત્મક સૂચનોની અમને ચોક્કસ પ્રતીક્ષા રહેશે.



## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે પેઢીના સંપર્ક સૂત્રો :


શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦


### અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com

વૈશાખ સુદ-૩, શુક્રવાર તા. ૨-૫-૨૦૧૪ અક્ષય તૃતીયાના દિવસે સામૂહિક વરસીતપ પારણા
પ્રસંગે આણંદજી કલ્યાણજી પેઢીના ઉપક્રમે શાલિભદ્ર ગ્રુપવાળા
માતુશ્રી વિમળાબેન જ્યંતિલાલ પોપટલાલ શાહ પરિવાર - અમદાવાદ
દ્વારા આયોજિત સામૂહિક પારણા પ્રસંગના દૃશ્યો










BOOK - POST

*To,*

**આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**